# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૪/પરવાનગી/ ૩૧ /૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૨૧ - ૦૬ – ૨૦૧૭

પ્રતિ,
શ્રી મહેશભાઇ સોમાભાઇ પટેલ
મુ.પો.ભાયલી,
તા.જી.વડોદરા

વિષય :-મોજે ભાયલી, તા.જી.વડોદરાના બ્લોક નં. ૫૬૨, ઓ.પી.નં.૬૪, ફાયનલ પ્લોટ નં.૬૪, ટી.પી. સ્કીમ નં.૫(સમીયાલા-બીલ-ભાયલી)વાળી જમીનમાં ટાવર-એ,બી,સી,ડી,ઈ મળી કુલ-૫ લોરાઇઝડ ટાવરમાં કુલ- ૮૫ રહેણાંક ફલેટસ તથા કુલ- ૪૧ દુકાનો , કુલ-૩ કોમર્શિયલ હોલ,તથા કોમન પ્લોટમાં કલબ હાઉસના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા૧૮-૦૩-૨૦૧૭ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## *વિકાસ પરવાનગી*

શ્રી મહેશભાઇ સોમાભાઇ પટેલ ગામ ભાયલી, તા.જી.વડોદરાના બ્લોક નં. ૫૬૨, ઓ.પી.નં.૬૪, ફાયનલ પ્લોટ નં.૬૪, ટી.પી. સ્કીમ નં.૫(સમીયાલા-બીલ-ભાયલી)માં ક્ષેત્રફળ ૪૦૦૬.૦૦ ચો.મી. માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર ૬૮૩.૭૦ ચો.મી. ફર્સ્ટ ફ્લોર ૧૭૩૯.૨૮ ચો.મી., સેકન્ડ ફ્લોર ૧૫૨૧.૩૧ ચો.મી., થર્ડ ફ્લોર ૧૫૨૧.૩૧ ચો.મી., ફોર્થ ફ્લોર ૧૫૨૧.૩૧ ચો.મી., ફીફથ ફ્લોર ૧૦૨૫.૦૯ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૮૦૧૨.૦૦ ચો.મી. ટાવર-એ,બી,સી,ડી,ઈ મળી કુલ-૫ લોરાઇઝડ ટાવરમાં કુલ- ૮૫ રહેણાંક ફલેટસ તથા કુલ- ૪૧ દુકાનો , કુલ-૩ કોમર્શિયલ હોલ,તથા કોમન પ્લોટમાં કલબ હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧),૨૯/૧(૨)હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ (૨)ડી તથા સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

(૨) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ–૬૧ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

(૫) જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં.૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા નું "ના-વાંધા પ્રમાણપત્ર" નં.અ.તા.સે.જા.નં.૨૩૫૩/૧૫-૧૬, તા.૧૦/૧૦/૨૦૧૬ની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે.)

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૪/પરવાનગી/૩૭ /૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા.૨૧/૦૬/૨૦૧૭

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.